ખાંડના ભાવમાં ઉછાળો છતાં, ભરૂચમાં ખેડૂતોનું અન્ય પાક તરફ મંડાણ

ખેડૂતો માટે શેરડીની મીઠાશ ફિક્કી થઈ

વધતા ખર્ચ સામે શેરડીના ટન દીઠ ૫,૦૦૦ રૂપિયા જોઈએ, પણ મળતા નથી: ખેડૂતોની પીડા

એક દાયકા પહેલાં ખાતરનો ભાવ ૪૦૦ હતાં, જે વધીને ૨,૦૦૦ થયા

ભરૂચ: દક્ષિણ ગુજરાતની ઓળખાણ ગણાતી શેરડીની મીઠાશ આજે ધીમે ધીમે ફિક્કી બની રહી છે. એક દાયકા પહેલાં જ્યાં શેરડી ખેડૂતો માટે 'રોકડિયો પાક' હતો, ત્યાં આજે તે જ પાક ખર્ચાળ અને નફાવિહોણો સાબિત થઈ રહ્યો છે. ભરૂચ જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના 6 જિલ્લામાં શેરડીનું ઉત્પાદન ઘટી રહ્યું છે, અને ખેડૂતો હવે ડાંગર, આંબાવાડી જેવા વૈકલ્પિક પાક તરફ વળી રહ્યા છે.

એક દાયકા પહેલાં ખાતરની થેલી 400 રૂપિયામાં મળતી હતી, જે આજે 1,700થી 2,000 રૂપિયા સુધી પહોંચી છે. દવાઓ અને લેબરના ભાવમાં પણ આકાશ-પાતાળનો તફાવત આવ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે, 'શેરડી દીઠ 5,000 રૂપિયા પ્રતિ ટન ભાવ મળે તો જ ખેતી પોસાય.' પણ હાલના ભાવ તેના કરતાં ઘણા ઓછા છે, જેના કારણે ખેડૂતોએ ગાંઠના ખર્ચાને ગોપીચંદ બનવાની નોબત આવી છે.

રાજ્યની સહકારી ખાંડ ઉદ્યોગમાં અંદાજે 5 લાખ ખેડૂતો શેરડીના પાક પર આધારિત છે, જેમાં ભરૂચના 1 લાખ ખેડૂતો સામેલ છે. પરંતુ વધતી હરીફાઈ અને શેરડીના પુરવઠામાં ઘટાડો થવાથી લગભગ ચારેક સુગર ફેક્ટરીઓએ કાચા માલની અછતને કારણે તાળા મારવાનો વારો આવ્યો છે. ખાંડના ભાવમાં ઉછાળો આવ્યો હોવા છતાં, શેરડીના ભાવમાં તેનું પ્રમાણસર વધારણ ન થતાં ખેડૂતો રૂઠ્યા છે.

ખેડૂત અગ્રણીઓનો મત છે કે ખાંડની નિકાસ પર છૂટ નથી અને બજારમાં કેટલો માલ વેચવો તેના પર પણ નિયંત્રણ છે. આ નીતિઓ ખેડૂતોને સાચો ભાવ ન મળવાનું કારણ બની રહી છે. સુગર ફેક્ટરીઓના વહીવટકર્તાઓની ચૂંટણી ગરમાય છે, પણ ખેડૂતોના પ્રશ્નો હજુ અણઉકેલ્યા રહે છે.

ભૂંડના ત્રાસ, પેમેન્ટમાં વિલંબ અને ઘટતા નફાના કારણે શેરડી ખેતી ખેડૂતો માટે બોજ બની છે. આ વલણ યથાવત્ રહ્યું તો દક્ષિણ ગુજરાતની આર્થિક અને કૃષિ સંસ્કૃતિ પર ઊંડી અસર થશે. હવે જરૂર છે તાત્કાલિક નીતિગત હસ્તક્ષેપ અને ખેડૂતોને યોગ્ય ભાવ સુનિશ્ચિત કરવાની- નહીંતર 'શેરડીની ખેતી' ટૂંક સમયમાં ભૂતકાળની વાત બની રહેશે.

લઠ્ઠાકાંડ વચ્ચે ખૈરપાડામાં બેફામ દારૂ વેપાર, મહિલાઓ પોલીસમથકે પહોંચી

ગ્રામજનો અને મહિલાઓની ગોરખધંધો બંધ કરાવવા ઉગ્ર રજૂઆત

ભરૂચ: ગુજરાત દારૂબંધી હોવા છતાં સાગબારાના ખૈરપાડાના આવલીકુંડ ફળિયામાં કથિત દારૂનો ધંધો ધમધમતો હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. સ્થાનિક ગ્રામજનો અને મહિલાઓએ આ અંગે સાગબારા પોલીસ સબ ઇન્સ્પેક્ટરને લેખિત રજૂઆત કરી છે.

ગ્રામજનોએ પોતાની રજૂઆતમાં ખૈરપાડા ગ્રુપ ગ્રામ પંચાયતના સમાવિષ્ટ ગામોમાં દારૂ પ્રથા લગભગ 10 વર્ષ અગાઉ બંધ થઈ ગઈ હોવાનો ઉલ્લેખ કર્યો છે. જોકે, આવલીકુંડ ફળીયામાં હજુ પણ દેશીદારૂ અને કેમિકલયુક્ત દારૂનું ધાધો વેચાણ થઈ રહ્યું છે. આરોપ મુજબ, અહીં ફક્ત દેશી દારૂ જ નહીં, પરંતુ ભેળસેળવાળો અને રાસાયણિક યુક્ત દારૂ પણ વેચવામાં આવે છે. આ ગેરકાયદે વેપારના કારણે બહારના ગામોમાંથી દારૂના લતવાળા લોકો આ ફળિયામાં આવે છે, જેના કારણે વાતાવરણ ખરાબ થાય છે. આ ઉપરાંત, ગામના આગેવાન અને પંચો દ્વારા દારૂ વેચનારાઓને આ ધંધો બંધ કરવા ઘણી વખત સમજાવવામાં આવ્યાં, પરંતુ તેના કોઈ પરિણામ ન આવ્યું. હાલમાં આ ફળિયામાં રહેતા દારૂ વેચનારાઓ સામે કડક કાર્યવાહી કરી કાયમી ધોરણે દારૂનો ધંધો બંધ કરાવવાની પ્રબળ માંગ ઊઠી છે. ગ્રામજનો હવે આ ગેરકાયદે વેપાર સામે ગામજનો ખૂબ જ આક્રોશિત છે અને તેઓ કોઈ પણ હદે જવા તૈયાર છે. હવે જોવાનું છે કે સાગબારા પોલીસ આ લેખિત ફરિયાદને કેટલી ગંભીરતાથી લે છે અને કઈ કાર્યવાહી કરે છે.

ભરૂચના ત્રિદિવસીય મેળામાં સ્વચ્છતા ચાર્જને લઈ પાલિકા-વેપારીઓ વચ્ચે વિવાદ

આ ચાર્જ સંપૂર્ણપણે નિયમાનુસાર અને પૂર્વ નિર્ધારિત ધોરણો હેઠળ: પાલિકા

ભરૂચ: શહેર માં મેઘરાજા અને છડી નોમના પ્રતિષ્ઠિત ત્રણ દિવસીય મેળાની ઉજવણી વચ્ચે આજે સ્વચ્છતાને લઈને અણધાર્યો વિવાદ સર્જાયો છે. પાંચબત્તીથી સોનેરી મહેલ સુધીનો વિસ્તાર મેળાર્થીઓથી ખચાખચ ભરાયો છે, પરંતુ આ ઉત્સાહ વચ્ચે નગરપાલિકા અને ખાણીપીણીના સ્ટોલ ધારકો વચ્ચે સફાઈ ચાર્જને લઈને ગજગ્રાહ ઊભો થયો છે.

પાલિકા દ્વારા મેળામાં લાગેલા ફૂડ સ્ટોલ ધારકો પાસેથી 'સ્વચ્છતા અને સફાઈ'ના નામે વસૂલવામાં આવતા ચાર્જે વેપારીઓને આક્રમક બનાવી દીધા છે. અનેક વ્યાપારીઓએ આ ચાર્જને મનસ્વી અને અપારદર્શક ગણાવીને પાલિકા સામે સવાલો કર્યા છે. 'આ ચાર્જ કયા કાયદા હેઠળ લેવાય છે? શું આપણે તેની પાવતી માંગી શકીએ?' જેવા પ્રશ્નો વેપારીઓ દ્વારા ઉઠાવાતા મેદાનમાં થોડીવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આક્ષેપોની ગંભીરતાને ધ્યાને લેતાં ભરૂચ નગરપાલિકાના મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલે તાત્કાલિક સ્પષ્ટતા કરી હતી. તેમણે કહ્યું, 'આ ચાર્જ સંપૂર્ણપણે નિયમાનુસાર અને પૂર્વ નિર્ધારિત ધોરણો હેઠળ લેવામાં આવે છે. વેપારીઓના આક્ષેપો નિરાધાર છે.' તેમણે આ ચાર્જને મેળા દરમિયાન જાહેર સ્વચ્છતા, કચરાનો નિકાલ અને સફાઈ કર્મચારીઓની વ્યવસ્થા માટે જરૂરી ગણાવ્યો હતો. સ્ટોલની આસપાસની સ્વચ્છતા માટે જવાબદાર રહેવાની સૂચના પણ અપાઈ છે.

રાત્રિના અંધકારમાં રસ્તામાં ૧૦૮ની ટીમે પ્રસૂતી કરાવી

હોસ્પિટલ પહોંચે તે પહેલાં પીડા ઉપડતા ટીમની કામગીરીથી બાળક-માતાનો બચાવ

કીમ: કીમના ગણેશ નગર વિસ્તારમાં રહેતી ધુલિયા દેવીને શનિવારે રાત્રિના સમયે અચાનક પ્રસૂતિની પીડા ઉપડતાં પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક કર્યો હતો. રાત્રે ૨:૪૫ વાગ્યે જાણ થતાં EMT સાહિલ ચૌધરી અને પાયલોટ આતિશ જોષી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મહિલાને સારવાર માટે CHC સાયણ ખાતે લઈ જવા રવાના થયા હતા. કીમથી સાયણ તરફ જતી વખતે રસ્તામાં જ પ્રસૂતિની પીડા વધુ તીવ્ર બની હતી. પરિસ્થિતિની ગંભીરતા પારખી EMT સાહિલ ચૌધરીએ સમય ગુમાવવો જોખમી બની શકે તેમ હોવાથી એમ્બ્યુલન્સમાં જ જરૂરી તાત્કાલિક સારવાર શરૂ કરી હતી.

આ દરમિયાન રાત્રે ૩:૧૬ વાગ્યે ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસૂતિ કરાવવામાં આવી, જેમાં મહિલાએ સ્વસ્થ બાળકીના જન્મને આપ્યો હતો. સમગ્ર કામગીરી દરમિયાન ERCP ડૉ. કૌશલ સાહેબના માર્ગદર્શન હેઠળ જરૂરી તબીબી માર્ગદર્શન અને સારવાર આપવામાં આવી હતી. કપરા સમયે સમયસૂચકતા, સમજદારી અને જવાબદારીપૂર્વક કામગીરી કરી માતા અને નવજાતનો જીવ સુરક્ષિત રાખવા બદલ EME હિતેશભાઈ તથા પ્રોગ્રામ અભિષેક ઠક્કર દ્વારા ૧૦૮ ટીમની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

શિક્ષક દિને સંઘના હોદ્દેદારોની મંચ પર અવગણનાથી વિવાદ

માત્ર એક ગેરસમજ હતી: ડીડીઓ

ભરૂચ: શિક્ષક દિન નિમિત્તે જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવા આયોજિત કાર્યક્રમમાં શિક્ષક સંઘના હોદ્દેદારોને મંચ પર સ્થાન ન આપવાનો વિવાદ ઊભો થયો હતો. સંઘના પ્રવીણસિંહ રણાએ જણાવ્યું કે, સ્ટેજ પર સ્થાન ન આપતા અમારું અપમાન થયું છે. શિક્ષકોને સન્માનવાના કાર્યક્રમમાં જ સંઘના હોદ્દેદારોનું આત્મસન્માન ઘવાયું. આ પ્રકારની અવગણના વારંવાર થતી હોવાથી અમે કાર્યક્રમનો બહિષ્કાર કર્યો." આ વિવાદ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી સ્વાતિબા રાઓલે મત વ્યક્ત કર્યો કે, "આ માત્ર એક ગેરસમજ હતી, જેને દૂર કરી દેવામાં આવી છે. ભવિષ્યમાં આવી ગેરસમજ ન થાય તેની તમામ કાળજી લેવામાં આવશે.

શિક્ષક દિને ભરૂચ જિલ્લા પંચાયત દ્વારા શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન

ભરૂચ જિલ્લા પંચાયત દ્વારા આત્મીય સંસ્કાર હોલ, ભરૂચ ખાતે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજે, ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ આજના ટેકનોલોજીના યુગમાં પણ શિક્ષકની ભૂમિકાને અનિવાર્ય ગણાવી હતી. સમારોહ દરમિયાન વર્ષ ૨૦૨૬ના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકોનું વિતરણ કરાયું હતું. જિલ્લા કક્ષાએ પ્રાથમિક વિભાગમાં પ્રાથમિક શાળા, મોરતલાવના શિક્ષક નિરવકુમાર દેવજીભાઈ પટેલ, માધ્યમિક વિભાગમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, ડેબારના મદદનીશ શિક્ષક ચંદ્રકાંત ઠાકોરભાઈ પ્રજાપતિ અને જી.એન.એફ.સી. નર્મદા વિદ્યાલયના મદદનીશ શિક્ષક સંજયકુમાર મગનભાઈ સુવાગિયાને સન્માનિત કરાયા હતાય તાલુકા કક્ષાએ પ્રાથમિક શાળા નોબારીઆ, અંકલેશ્વરનાં નમ્રતાબેન કેશવલાલ બારૈયા અને રેલવે વિસ્તાર પ્રાથમિક શાળા, જંબુસરનાં શિક્ષિકા નશીમાબેન યુસુફ મુન્શીને પણ પારિતોષિક અને પ્રમાણપત્ર આપી બિરદાવાયાં હતા. આ ઉપરાંત, પોતાના વિષયમાં ૧૦૦% પરિણામ લાવતા, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્તમ સિદ્ધિ ધરાવતા અને વ્યક્તિગત પ્રતિભા ધરાવતા શિક્ષકો તેમજ પ્રતિભાશાળી બાળકો ધરાવતી શાળાઓના શિક્ષકોને અભિનંદન પત્ર એનાયત કરાયા.

સંક્ષિપ્ત સમાચાર

ઉચ્છલના ખાબદા ગામે દીપડાએ બકરીનો શિકાર કરતાં સ્થાનિકોમાં ભય

વ્યારા: ઉચ્છલના ખાબદા ગામે બકરી પર અચાનક દીપડાએ હુમલો કર્યો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા. દીપડાની અવરજવરથી ગામલોકો ભયભીત બન્યા છે. ખાસ કરીને પશુપાલકો અને ખેડૂતોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે દિપડાને પકડવા વન વિભાગ દ્વારા પાંજરું મુકવામાં આવે તેવી માંગ કરી છે.

શિયાલજ નજીક હાઇવે પર કન્ટેનરે ચાર શ્રમિકોને અડફેટે લીધા

હથોડા: શિયાલજ ગામની સીમમાં નેશનલ હાઇવે નંબર 48 પર રોડમાં પડેલા ખાડામાં મજૂરો લોખંડની જાળી ફિટિંગ કરી રહ્યા હતા ત્યારે હાઇવે પરથી પૂરપાટ ઝડપે ધસી આવેલા કન્ટેનર (નં.જીજે 12 બીએક્સ 2997)ના ચાલકે અડફેટે લેતાં નાસભાગ મચી જવા પામી હતી. કન્ટેનરની અડફેટે ચાર મજૂરને ઈજા પહોંચતા તેમને સારવાર માટે સુરત ખસેડવામાં આવ્યાં હતાં. પાલોદ પોલીસમાં મોડી સાંજે કન્ટેનરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

પાનોલી પુલિયા પાસે ટ્રેક્ટરની અડફેટે ૭૦ વર્ષીય વૃદ્ધનું મોત

અંકલેશ્વર: પાનોલી ગામમાં રહેતા ઇલ્યાસ ઈબ્રાહીમ દિવાન (ઉ.વ. ૭૦) શુક્રવાર સાંજે નમાજ પઢીને અન્ય લોકો સાથે ચાલતા ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન પાનોલી પુલિયાના ઢોળાવવાળા રસ્તા પરથી ટ્રેક્ટર (નં. જીજે ૨૦ બી ૬૯૦૯)ના ચાલક પરેશભાઈ રામસિંગભાઈ પરમારે બેદરકારીપૂર્વક હંકારી સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ઢોળાવ ચઢતા રિવર્સ થયું હતું અને પાછળ ચાલતા ઇલ્યાસ દિવાનને અડફેટે લીધા હતા. ટ્રેલરનું વ્હીલ તેમના પર ફરી વળતા તેમને ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત થયું હતું. પાનોલી પોલીસે પરેશભાઈ પરમાર વિરુદ્ધ ગુનો તપાસ હાથ ધરી છે.

જોળવામાં આધેડે એસિડ પી લેતાં મોત

પલસાણા: મૂળ ઓરિસ્સાના ગંજામના કોલોસરા તાલુકાના વતની અને હાલમાં પલસાણાના જોળવા ગામ ખાતે આરાધના ડ્રીમ વિભાગ-૩ના મકાન નં. ૨૬માં પરિવાર સાથે ભાડેથી રહેતા પર વર્ષીય કેદાર સુભાષ પંડાએ શુક્રવારે ઘરના બાથરૂમમાં એસિડ પી લીધું હતું. કેદારભાઈની હાલત લથડતા તેમના પુત્ર સુનિલ, પત્ની રંજીતા અને મિત્ર બબુલ દ્વારા નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. પલસાણા પોલીસે ગુનો નોંધી કારણો જાણવા તપાસ હાથ ધરી છે.

પાનોલી પુલિયા પાસે ટ્રેક્ટરની અડફેટે ૭૦ વર્ષીય વૃદ્ધનું મોત

અંકલેશ્વર: પાનોલી ગામમાં રહેતા ઇલ્યાસ ઈબ્રાહીમ દિવાન (ઉ.વ. ૭૦) શુક્રવાર સાંજે નમાજ પઢીને અન્ય લોકો સાથે ચાલતા ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન પાનોલી પુલિયાના ઢોળાવવાળા રસ્તા પરથી ટ્રેક્ટર (નં. જીજે ૨૦ બી ૬૯૦૯)ના ચાલક પરેશભાઈ રામસિંગભાઈ પરમારે બેદરકારીપૂર્વક હંકારી સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ઢોળાવ ચઢતા રિવર્સ થયું હતું અને પાછળ ચાલતા ઇલ્યાસ દિવાનને અડફેટે લીધા હતા. ટ્રેલરનું વ્હીલ તેમના પર ફરી વળતા તેમને ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત થયું હતું. પાનોલી પોલીસે પરેશભાઈ પરમાર વિરુદ્ધ ગુનો તપાસ હાથ ધરી છે.

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં નંદ 'ઘેર આનંદ ભયો'ની મચી ધૂમ

કોસંબા તરસાડીમાં મટકી ફોડ કાર્યક્રમ યોજાયો, માંગરોળ તાલુકો જન્માષ્ટમીએ કૃષ્ણમય બન્યો

હથોડા, વાંકલ: તરસાડીના ઝંડા ચોક મેન પોઈન્ટ ખાતે યોજાયેલા કાર્યક્રમને નિહાળવા માટે હજારોની સંખ્યામાં જનમેદની ઊમટી પડતા મસમોટા રોડ સાંકડા પડ્યા હતા. ઘરોના ધાબા પર ચઢીને લોકોએ કાર્યક્રમ નીહાળ્યો હતો. કાર્યક્રમને હેમખેમ પાર પાડવા માટે કોસંબા પોલીસ મથકના પી.આઈ ઠુમ્મરે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. માંગરોળ તાલુકામાં સર્વત્ર શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભારે ધામધૂમ અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પર્વએ વાંકલ ગામે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વાંકલ સ્થિત સાઈ મંદિર ખાતે કૃષ્ણ જન્મોત્સવની વિશેષ ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે અંબાજી મંદિરના પટાંગણમાંથી ભગવાન શ્રીકૃષ્ણની એક ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. સત્યનારાયણ મંદિર ખાતે મોડી રાત્રે પ્રભુના જન્મ સાથે જ પારણું ઝૂલાવવાનો અને મટકી ફોડનો કાર્યક્રમ યોજાયો હતો. વાંકલ ખાતે ઉત્સાહી ગોવિંદાઓ દ્વારા એકપછી એક ૭૦થી પણ વધુ મટકીઓ ફોડી હતી. ઝંખવાવ અને કેવડી ગામોમાં પણ મટકી ફોડના કાર્યક્રમોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

ઈબ્રાહીમ કાનુ

હિતેશ પટેલ

સ્કૂલમાં નટખટ કાનૂડાઓની મસ્તી

માંડવી: માંડવીમાં 'રાઇઝિંગ સ્ટાર્સ પ્લે સ્કૂલ' દ્વારા પવિત્ર જન્માષ્ટમીએ ભવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના-નાના બાળકો દ્વારા શ્રીકૃષ્ણ જન્મ, શ્રીકૃષ્ણ-સુદામા મિલન,તેમજ માતા યશોદા અને બાલકૃષ્ણ વચ્ચેના વાત્સલ્યસભર સંબંધોને જીવંત કરતી ભાવસભર પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત પૂર્વ મંત્રી અને ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ સંસ્થાને પ્રોત્સાહનરૂપે ૩.૧૧,૦૦૦નું રોકડ અનુદાન અર્પણ કર્યું હતું.

મટકી ફોડ, કૃષ્ણલીલા અને ભક્તિમય ગીતોએ શાળા પરિસરને કૃષ્ણમય

બારડોલી: બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બી.એ.બી. એસ. હાઈસ્કૂલમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ દ્વારા જન્માષ્ટમી પર્વની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં આચાર્યો ચેતનાબેન અધેરા, ડો. રૂમિતભાઈ શાહ, સુજાતાબેન ચાંપાનેરિયા, સુમનભાઈ મિસ્ત્રી, સુપરવાઇઝરો, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને બેચ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા.

પંડવાઈ સુગરની બે બેઠક માટે શાંતિપૂર્ણ મતદાન

ભરૂચ: હાંસોટ તાલુકામાં આવેલી પંડવાઈ સુગર ફેક્ટરીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી માટે શનિવારે બાકી રહેલી બે બેઠક પર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું હતું. કુલ ૧૬ ઝોનની બેઠકો પૈકી ૧૪ બેઠક પર ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થઈ ચૂક્યા હોવાથી હવે માત્ર બે બેઠક માટે જ ચૂંટણી યોજાઈ હતી. આ બે બેઠકો માટે આશરે ૭ હજાર જેટલા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. રાજ્યના જળ સંપત્તિ મંત્રી તથા પંડવાઈ સુગરના વર્તમાન ચેરમેન ઈશ્વરસિંહ પટેલે પણ મતદાન કર્યું હતું. મતદાન બાદ તેમણે સહકાર પેનલની જીતનો વિશ્વાસ વ્યક્ત કરતાં બંને બેઠક પર આશરે ૯૫ ટકા મત સાથે ભવ્ય વિજય મેળવવાનો દાવો કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ઈશ્વરસિંહ પટેલના નેતૃત્વ હેઠળની સહકાર પેનલે પંડવાઈ સુગરની કુલ ૧૬ બેઠક પૈકી ૧૪ બેઠક પર બિનહરીફ વિજય મેળવી લીધો છે. બંને બેઠકો માટેનું મતગણતરી કાર્ય આવતીકાલે સવારે ૯ વાગ્યાથી હાંસોટ મામલતદાર કચેરી ખાતે હાથ ધરાશે.

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ./રજી.નં.૮૪/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨૧/૦૭/૨૦૨૬

વાદી: ઝાકેરાબાનુ ઈસ્માઈલ સૈયદ, રહે. નાની નરોલી, તા.માંગરોળ, જિ.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ડ.મંત્રીશ્રી ઘલા ઘલા ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(3) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી ઝાકેરાબાનુ ઈસ્માઈલ સૈયદનું જન્મ તા.18/03/1983 ના રોજ ઘલા, તા.કામરેજ, જિ.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૦૮/૦૯/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

Milano MULTIPLEX
બારડોલી
Mirzapur : The Movie
11:00am, 2:00pm, 6:00pm, 9:00pm, 10:00pm
Toxic
10:00am, 01:00pm, 05:00pm
Asambhauuu- Gujarati
06:30pm
Hanuman Ansh
03:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

શ્રી નર્મદા એલ્યુમિનિયમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
Regd. Office : પ્લોટ નંબર 95/1, ભરૂચ પાલેજ રોડ, ભોલાવ, ભરૂચ, 392001
સંપર્ક નંબર +91 9136771450 ઇમેઇલ: nalexbh@yahoo.co.in
વેબસાઇટ: www.snailbh.in CIN: L91110GJ1981PLC004269

૪૫મી વાર્ષિક સામાન્ય સભા, બુક ક્લોઝર અને ઇવોટિંગ માહિતીની સૂચના

આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે કંપનીના સભ્યોની ૪૫મી વાર્ષિક સામાન્ય સભા (AGM) મંગળવાર ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે હોટેલ શાલીમાર, સ્ટેશન રોડ, ભરૂચ- ૩૯૨૦૦૧ ખાતે યોજાશે, જેમાં AGM ની સૂચનામાં દર્શાવેલ વ્યવસાયનું સંચાલન કરવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભાની સૂચના, વાર્ષિક અહેવાલ, અન્ય બાબતોની સાથે, રિમોટ ઇ-વોટિંગ સૂચના, હાજરી સ્લિપ, પ્રોક્સી ફોર્મ સહિત, સભ્યોને તેમના નોંધાયેલા સરનામા અને ઇમેઇલ સરનામા પર પરવાનગી/નિર્ધારિત રીતે મોકલવામાં આવ્યા છે. કંપનીની વાર્ષિક સામાન્ય સભાના હેતુ માટે સભ્યોનું રજિસ્ટર અને કંપનીના શેર ટ્રાન્સફર બુક ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ (બંને દિવસો સહિત) બંધ રહેશે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટેનો વાર્ષિક અહેવાલ અને ૪૫મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના કંપનીની વેબસાઇટ www.snailbh.in અને BSE લિમિટેડની વેબસાઇટ www.bseindia.com પર ઉપલબ્ધ છે. કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮, જે કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) એમેન્ડેડ રૂલ્સ, ૨૦૧૫ ના નિયમ ૨૦ સાથે વાંચવામાં આવે છે અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૪૪ અનુસાર, કંપની તેના સભ્યોને ઇલેક્ટ્રોનિક માધ્યમથી મીટિંગમાં પસાર કરવાના પ્રસ્તાવિત ઠરાવો પર ઇલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવાના તેમના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પૂરી પાડી રહી છે. સભ્ય મીટિંગના સ્થળ સિવાય અન્ય સ્થળેથી ઇલેક્ટ્રોનિક મતદાન પ્રણાલીનો ઉપયોગ કરીને પોતાનો મતદાન કરી શકે છે ("રિમોટ ઈ-વોટિંગ"). કંપનીએ રિમોટ ઇ-વોટિંગની સુવિધા પૂરી પાડવા માટે એજન્સી તરીકે સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડ (CDSL) ની સેવા લીધી છે. સભ્યોને નીચેની બાબતોની નોંધ લેવા વિનંતી છે: -

a) રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો 26 સપ્ટેમ્બર, 2026 ના રોજ સવારે 9.00 વાગ્યે શરૂ થશે અને 28 સપ્ટેમ્બર, 2026 ના રોજ સાંજે 5.00 વાગ્યે સમાપ્ત થશે. ત્યારબાદ રિમોટ ઇ-વોટિંગ મોડ્યુલ બંધ કરવામાં આવશે અને ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા મતદાન કરવા માટે ઉપરોક્ત તારીખ અને સમય પછી મંજૂરી આપવામાં આવશે નહીં.

b) ઈ-વોટિંગના હેતુ માટે કટ-ઓફ તારીખ 21 સપ્ટેમ્બર, 2026 હશે.

c) જે વ્યક્તિનું નામ કટ-ઓફ તારીખ એટલે કે 21 સપ્ટેમ્બર, 2026 ના રોજ ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલું છે. ફક્ત તે જ વ્યક્તિ રિમોટ ઈ-વોટિંગ તેમજ AGMમાં મતદાનની સુવિધાનો લાભ લેવા માટે હકદાર રહેશે. જે પાત્ર સભ્યોએ ઉપરોક્ત તારીખ પછી શેર ખરીદ્યા છે તેઓ તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરવા માટે લોગિન આઈડી અને પાસવર્ડ મેળવવા માટે helpdesk.evoting@cdslindia.com પર CDSL નો સંપર્ક કરી શકે છે.

d) સભ્ય રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કરવાનો અધિકાર વાપર્યા પછી પણ AGMમાં ભાગ લઈ શકે છે પરંતુ તેમને મીટિંગમાં ફરીથ